ધ્યેય તરફ એક ડગલું તો ભરી જુઓ.. તમને બીજું ડગલું પ્રભુ ભરાવશે જ
- મોરારિ બાપુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૦૯ | ૧૦ ઓક્ટોબર, ૨૦૧૪, શુક્રવાર ; આસો વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## વેરા વસુલાતમાં પાંચ ટકાનો ઘટાડો

### તાજેતરમાં પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં માત્ર ૨૫ ટકા જ વેરા વસુલાતની કામગીરી થઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની મહેસુલી વેરાની વસુલાતમાં પાંચ ટકાનો ઘટાડો નોંધાયો છે.

ઓગસ્ટ માસમાં પૂર્ણ થયેલા હિસાબોના આખરીકરણને અંતે આ ચિત્ર સ્પષ્ટ થતાં વહીવટકર્તાઓ માટે મોટો પડકાર ઉભો થવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની મહેસુલી વેરા વસુલાતની કામગીરી જે ૨૦૧૨-૧૩ માં ૩૦ ટકા જેટલી હતી તે વર્ષ ૨૦૧૩-૧૪ માં ઘટીને ૨૫ ટકા જેટલી થવા પામી છે. જિલ્લામાં સૌથી નબળી વેરા વસુલાતની કામગીરીને લઈ તંત્રએ વારંવાર નોટીસો આપવાની તેમજ શિસ્ત વિષયક પગલાં લેવાની આપેલી ધમકીઓ કારગાર નિવડી નથી અને તાજેતરમાં પૂર્ણ થયેલ પંચાયતી વર્ષમાં આવકમાં ૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

જમીન મહેસુલની આવક જે રૂ. ૫૬૪.૧૮ લાખ અંદાજવામાં આવી હતી તેની સામે માત્ર ૧૩૮.૫૩ લાખ જેટલી જ વસુલાત આવી છે. તો લોકલ ફંડની આવક જે રૂ. ૬૭૩.૧૧ લાખ અંદાજવામાં આવી હતી તે પણ ૧૫૯.૧૬ લાખ રૂ. જ થઈ છે. શિક્ષણ ઉપકરની આવક પણ ૬૪.૦૬ લાખ રૂ. જ થવા પામી છે.

૨૦૧૩-૧૪ માં રૂ. ૧૪૮૩ લાખની આવકનો અંદાજ હતો પરંતુ માત્ર ૩૬૧ લાખ થઈ છે.

ગાંધીનગર જિલ્લામાં વેરાવસુલાતની નબળી કામગીરીને સઘન બનાવવા પર હવે તંત્રએ ધ્યાન કેન્દ્રીત કરવુ પડશે. આ આવકમાં ૫ ટકાનો ઘટાડો પંચાયતની નબળી આર્થિક સ્થિતિને દર્શાવે છે. આવકમાં ઘટાડો થતાં સ્વભંડોળ પર તેનુ ભારણ વધે તેવા સંજોગો ઉભા થઈ રહ્યા છે.

જિલ્લાના ચારેય તાલુકામાં વેરા વસુલીની કામગીરી અસરકારક રીતે થઈ શકે તે માટે તંત્રએ હવે પ્રથમ ત્રિમાસિક ગાળાથી જ ધ્યાન કેન્દ્રીત કરવાનો નિર્ણય કર્યો છે.

દરમ્યાન જે ગામોમાંથી ઓછી આવક થઈ છે તેના તલાટીઓ સાથે એક અલગથી બેઠક યોજવા માટેની તૈયારીઓ પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતની વેરાવસુલાતની નબળી વસુલાત ચારેય તાલુકામાં રહેવા પામી છે. જો કે સૌથી નબળી વસુલાત દહેગામ તાલુકામાં નોંધાઈ છે.



શરદ પૂનમની રાતડીને... - શરદ પૂનમની રઢિયાળી રાતે ગરબે રમવાનો અલગ મીજાજ હોય છે... શહેરની અનેક સંસ્થાઓ દ્વારા રાસ-ગરબાના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. ગાંધીનગરના ખેલૈયાઓ મનભરીને રાસે રમ્યા હતા... શરદ પૂનમની શીતળતામાં ગરબા જોવા અને ગરબા રમવાનો અલગ મહિમા છે... ઈન્ફોસીટી ક્લબ અને જલારામ ધામે રાસ-ગરબાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. (તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

## ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેન સમિતિની ઠરાવ બુક લઈ જતા રહ્યા!!

### ઉત્પાદન-સહકાર સમિતિ તેમજ મહિલા કલ્યાણ સમિતિની બેઠકો નોન-કોરમ થતાં મુલ્તવી રહી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની ઉત્પાદન અને સહકાર સમિતિ તેમજ મહિલા બાળ કલ્યાણ વિકાસ સમિતિની બેઠકો નોન-કોરમ થતાં મળી શકી ન હતી પરંતુ ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેન સમિતિની ઠરાવ બુક લઈ જતા રહેતાં પંચાયતના રાજકારણમાં નવો વિવાદ ઉભો થયો છે.

ઉત્પાદન અને સહકાર સમિતિ તેમજ મહિલા બાળ કલ્યાણ વિકાસ સમિતિ એ બંને હાલ કોંગ્રેસ હસ્તક છે. આ બંને સમિતિઓના ચેરમેનો સામે અવિશ્વાસનો પ્રસ્તાવ પણ દાખલ કરવામાં આવેલ છે.

આજે આ બંને સમિતિઓની બેઠક જિલ્લા પંચાયત ખાતે યોજાઈ હતી પરંતુ તેમાં બેઠક માટે પુરતા સભ્યોની હાજરી ન થતાં નોન કોરમ બેઠક જાહેર કરી તે મુલ્તવી રાખવામાં આવી હતી.

દરમિયાન ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેનશ્રી તેમની સમિતિની ઠરાવ બુક લઈ જતા રહ્યા હતા. મહિલા કલ્યાણ અને બાળ વિકાસ સમિતિના ચેરમેન તો બેઠક માટે પણ હાજર રહ્યા ન હતા.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ બંને સમિતિના ચેરમેનો સામે ભાજપે અવિશ્વાસનો પ્રસ્તાવ દાખલ કર્યો છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજની બેઠકમાં આ પ્રસ્તાવો રજુ થવાના જ ન હતા. આ બેઠકનો એજન્ડા પ્રસ્તાવ દાખલ થયો તે પૂર્વે જારી કરી દેવામાં આવ્યો હતો. તો પછી ઉત્પાદન સહકાર સમિતિના ચેરમેનશ્રી ઠરાવ બુક લઈ કેમ જતા રહ્યા? તેને લઈ અનેક પ્રશ્નો ઉભા થવા પામ્યા છે. તો બીજી તરફ રાજકીય ગરમાવો પણ વધવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના નવ સભ્યોએ કરેલા પક્ષાંતર પછી વહીવટીય વિવાદો વધવા પામ્યા છે. આ મુદ્દે આજે વધુ એક વિવાદ ઉભો થયો છે.

દરમિયાન ભાજપમાં જોડાયેલા અને પાછળથી કોંગ્રેસમાં પરત ફરેલા શિક્ષણ સમિતિના ચેરમેન માટે હવે કેવી વ્યુહરચના ભાજપ અપનાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. ભાજપે બે સમિતિમાં તો ચેરમેન પદ હાંસલ કર્યા છે.



શતરંજના ખેલ - ખેલ મહાકુંભ સંદર્ભે ગાંધીનગર શહેર-જિલ્લાની ચેસ ટુર્નામેન્ટ કડી કેમ્પસના પરિસરમાં યોજાઈ હતી. બુદ્ધિની તીવ્રતાની અનુભૂતિ કરાવતી આ રમત યુગોથી મહત્વ ધરાવે છે... રાજકારણ અને નેતૃત્ત્વના પાયામાં શતરંજની રમત આવડતી હોવી જોઈએ એમ કહેવાય છે... અને વાત સાચી પણ છે... એક સાથે સાત ચાલ વિચારી શકે અને સમજી શકે અને સાથો સાથ સામે આવતા પડકારોને ઝીલવાનું સામર્થ્ય ઉભું કરવાની ક્ષમતા જેની પાસે હોય તે વિજયની નજીક પહોંચી શકે છે... શતરંજના ખાના ખેલવા અઘરા છે, અને સમજવા એથીય પણ વધુ અઘરા છે... એમાંય હાથી, ઘોડા અને ઉંટની ચાલ જે બેખુદી ચાલી શકે એ જીતી શકે છે... આવી આ શતરંજ સ્પર્ધામાં શહેરની ૫૫ વિદ્યાર્થી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## પેથાપુર પે સેન્ટર સંકુલમાં ગંદકી જોઈ ડીડીઓ ભડક્યા

### આચાર્યા અને નગરપાલિકાના અધિકારીઓનો ઉઘડો લીધો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર નગરપાલિકાની પે સેન્ટરની શાળા સંકુલમાં ગંદકી જોઈ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાને પે સેન્ટર શાળાના આચાર્યા તેમજ નગરપાલિકાના અધિકારીઓનો ઉઘડો લીધો હતો.

આજે બપોરે પેથાપુર પે સેન્ટર સંકુલની સાથે ચાલતી આંગણવાડીની મુલાકાતે રાજસ્થાન સરકારના ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ જવાનુ હતુ.

તેઓ સંકુલમાં પહોંચે તે પૂર્વે પહોંચેલા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગંદકી જોઈ અને શાળાના આચાર્યા તેમજ નગરપાલિકાના અધિકારીઓનો જાહેરમાં ઉઘડો લઈ લીધો હતો.

તાબડતોબ સફાઈની કામગીરી કરવામાં આવી હતી. નવરાત્રી પર્વ પછી તુરત જ પરીક્ષાનો માહોલ ચાલુ છે ત્યારે સ્વચ્છતાનો આગ્રહ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ રાખ્યો હતો.

પાદરની નજીક સંકુલ હોવાથી તેમજ સંકુલની આસપાસ વાણિજ્ય વિસ્તારને કારણે ગંદકી દૂર કરવા છતાં વારંવાર થતી હોવાની દલીલ સાથે તેઓ સહમત થયા ન હતા.




૨૦% વળતર
દરેક સ્ટાઈલમાં લેડીઝ, જેન્ટસ હેર વિગ મળશે
લેડીઝ-જેન્ટસ હેર વિવિંગ-હેર બોન્ડીંગ કરી આપીશું
મોનોપોલ હેર આર્ટ
૪૭, અજન્ટા કોમ. સેન્ટર, ઈન્કમટેક્ષ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ. M. 9374041661


## જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનથી રાજસ્થાનના અધિકારીઓ પ્રભાવિત

### પેથાપુર આંગણવાડી અને માણસામાં ચાઈલ્ડ કેર કોર્નરની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં બાળ વિકાસની પ્રવૃત્તિઓના સંચાલનને લઈ રાજસ્થાનથી આવેલ રાજસ્થાન સરકારના અધિકારીઓની ટીમ અત્યંત પ્રભાવિત થઈ હતી. ખાસ કરીને કુપોષણ મુક્તિ અભિયાનને લઈ તેઓ ભારે પ્રભાવિત થયા હતા.

આજે રાજસ્થાન સરકારના અધિક મુખ્ય સચિવ સુશ્રી કૌર, બાળ વિકાસ નિયામક શ્રી પૃથ્વીરાજ અને તેમની ટીમે ગાંધીનગર જિલ્લામાં કૂપોષણ સાથેના જંગની અને બાળ વિકાસની પ્રવૃત્તિઓને નિહાળી હતી.



પેથાપુર આંગણવાડી ખાતે બાળ વિકાસ નિયામક શ્રી પૃથ્વીરાજ બાળ વિકાસ કમિશનર સુશ્રી આદ્રા અગ્રવાલ સાથે આવી પહોંચ્યા હતા. જ્યાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન, જિલ્લા પ્રા. શિ. અધિકારી શ્રી રાઠોડ તેમજ પેથાપુર પે સેન્ટરના અનુપમાબેન મોદી તેમજ કર્મચારીઓએ અને પેથાપુર નગરપાલિકાના પદાધિકારીઓએ ભાવભીનું સ્વાગત કર્યુ હતું.

અર્ધા કલાક કરતાં પણ વધુ સમય બાળકો સાથે અધિકારીઓએ ગુજરાતી બાળકોને આંગણવાડીમાં શું પીરસવામાં આવે છે તેમજ કયુ શિક્ષણ આપવામાં આવે છે તેની જાણકારી મેળવી હતી.

આંગણવાડીના ભૂલકાંઓને કડી સર્વ વિશ્વ વિદ્યાલય તરફથી સપ્તાહમાં એક દિવસ મિષ્ટાન અને એક દિવસ ફ્રૂટ્સનું વિતરણ કરવામાં આવતુ હોવાનુ તેમજ મહિનામાં એક દિવસ ગ્રામજનોના સહયોગથી બાળકોને દૂધનું વિતરણ કરવામાં આવતુ હોવાનું જાણી નિયામકશ્રી પૃથ્વીરાજે આનંદની લાગણી વ્યક્ત કરી કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રતિનિધિઓને બિરદાવ્યા હતા. જોગાનુજોગ આજે બાળકો માટે શીરો

● અનુસંધાન પાન-૭ પર


ખરજવું
કોઈપણ જાતના નવા-જૂના ખરજવા અને એલર્જીક ચામડીના રોગો માત્ર સાત જ દિવસની સારવારથી કાયમી છૂટકારો
ખરજવા સારવાર કેન્દ્ર
સૂરજ ડેન્ટલ કિલનિક નીચે
શ્રીનગર, કલોલ. જિ. ગાંધીનગર
ફોન. (૦૨૭૬૪)૨૨૧૫૩૪ સમય : સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૬ (રવિવારે ચાલુ)



અઢારમી વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. કુંદનબેન બી. શુક્લ
આસોવદ બીજ - સંવત ૨૦૫૨
સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર - ૧૯૯૬

જીવન એવું જીવી ગયા કે
કદી ભુલાય નહિ,
વિદાય એવી અણધારી લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૧૭ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે.

આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

બી. એ. શુક્લ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રોફ. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ, શ્રીદ્યા
તથા સમસ્ત પરિવાર

ડો. એચ. એલ. ત્રિવેદી
ડાયરેક્ટર - (કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
શ્રીમતી સુનિતાબેન એચ. ત્રિવેદી
હરિપ્રસાદ ત્રિવેદી
(ડાયરેક્ટર, એગ્રી.)
સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.)